|| સનાતન પરમો ધર્મ ||

રવિવારી પૂર્તિ

શ્રી અખિલ ભારતીય કરણ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

Page: 01

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● કારતક સુદ-૧૪ ● તા. ૨૯-૧૧-૨૦૨૦ ● રવિવાર SDP NO: 225 MOB. : +91 78018 77774, +91 77189 77774, anksanatandharmpatrika@gmail.com

મોદીનું મિશન વેક્સિન

PM મોદીની વેક્સીન ટૂર :

પ્રધાનમંત્રીએ ૦૩ શહેરનો પ્રવાસ કર્યો, અમદાવાદ, હૈદરાબાદ અને પુણેમાં તૈયાર થઈ રહેલી વેક્સીનનું નિરીક્ષણ કર્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શનિવારે દેશમાં કોરોના વેક્સીન તૈયાર કરી રહેલી ત્રણ કંપનીની મુલાકાત લીધી હતી . સૌથી પહેલા અમદાવાદ અને ત્યારબાદ હૈદરાબાદમાં કોરોના વેક્સીન તૈયાર કરવાની પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ તેઓ પુણે પહોંચ્યા હતા. અહીં કોવીશીલ્ડ તૈયાર કરનારી સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (SII) ની કેસ્કિલિટી આવેલી છે. PM મોદીએ કહ્યું કે SIIની ટીમ સાથે સારી રીતે ચર્ચા થઈ. તેમણે મને વેક્સીન તૈયાર કરવા માટે અત્યાર સુધીમાં થયેલી કામગીરી અંગે માહિતી આપી છે. ભવિષ્યની યોજના અંગે પણ માહિતી આપી. મે વેક્સીન તૈયાર કરતી કેસ્કિલિટીની મુલાકાત લઈ તેનું નિરીક્ષણ કર્યું.

હૈદરાબાદમાં વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા PM મોદીએ હૈદરાબાદમાં સ્વદેશી વેક્સીન 'કોવેક્સીન' તૈયાર કરી રહેલી કંપની ભારત બાયોટેકના વૈજ્ઞાનિકોને સફળ ટ્રાયલ માટે અભિનંદન પાઠવ્યા હતા. PM મોદીએ કહ્યું કે તેમની ટીમ ICMR સાથે મળી કામ કરી રહી છે. જેથી તેમની પ્રોસેસમાં વેગ આવી શકે .

PPE કીટ પહેરીને તેમણે રિસર્ચ સેન્ટરમાં વેક્સીન વિકસાવવાની સમગ્ર પ્રક્રિયા જોઈ હતી. PM એ કંપનીના પ્રમોટર્સ અને એક્ઝિક્યુટીવ સાથે પણ વાતચીત કરી હતી. ત્યારબાદ તેઓ એરપોર્ટ જવા રવાના થયા હતા. અગ્રે ઉલ્લેખનીય છે કે ૨૪ નવેમ્બરના રોજ ૦૮ રાજ્યના મુખ્યમંત્રીઓ સાથેની બેઠક બાદ પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે અત્યારે એ બાબત નક્કી નથી કે કોરોના વેક્સીનનો એક ડોઝ આપવાનો હશે કે બે ડોઝ. તેની કિંમત કેટલી હશે તે પણ હજુ નક્કી નથી. આ સંજોગોમાં કોઈ પણ પ્રક્રમા જવાબ સામે આવી શકે છે .

વેક્સિનના 3 ડેસ્ટિનેશન

પહેલું ડેસ્ટિનેશન : અમદાવાદ

રસીનું નામ: ઝાયકોવડી

કોર્મ્યુલા: ઝાયડસ બાયોટેક, અમદાવાદ.

નિર્માતા: ઝાયડસ બાયોટેક.

નિર્માણ સ્થળ: ચાંગોદર, અમદાવાદ (ગુજરાત).

સ્ટેટસ: ત્રીજા તબક્કાની ટ્રાયલ શરૂ ઝાયડસ એ ગુજરાત ભેન્ડ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પરાવતી ટ્રાયલ માટેની અગુવત મળી ચૂકી હશે તો વડાપ્રધાનની મુલાકાત વખતે ગુજરાતના આંગણીયે દેશની સૌપ્રથમ સ્વદેશી વેક્સિન અંગે જાહેરાત થઈ શકે છે.

બીજું ડેસ્ટિનેશન: હૈદરાબાદ

વેક્સિનનું નામ: કોવેક્સિન.

કોર્મ્યુલા: ભારત બાયોટેક અને ICMR.

બનાવનાર કંપની: ભારત બાયોટેક.

પ્લાન્ટ: હૈદરાબાદ.

સ્ટેટસ: ટ્રાયલ ત્રીજા તબક્કામાં, જાન્યુઆરી સુધી પરિણામ આવવાની આશા સ્વદેશી વેક્સિન કોવેક્સિન વિશે માહિતી લેવા માટે મોદી હૈદરાબાદ જશે. અહી હાઈમપેડ એરફોર્સ સ્ટેશન પર લેન્ડ કર્યા પછી તેઓ ભારત બાયોટેક જશે. એક કલાક સુધી વેક્સિન બનાવનાર પ્લાન્ટ પર રોકાયા પછી પુણે માટે રવાના થશે. ભારત બાયોટેકે ઈન્સ્ટિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) સાથે કોવેક્સિન બનાવવા માટે હાથ મિલાવ્યો છે.

ત્રીજું ડેસ્ટિનેશન: પુણે

વેક્સિનનું નામ: કોવિશીલ્ડ.

કોર્મ્યુલા: ઓક્સફર્ડ યુનિવર્સિટી / બ્રિટિશ ફાર્મા કંપની એસ્ટ્રોજેનેકા.

બનાવનાર કંપની: સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંડિયા.

પ્લાન્ટ: પુણે (મહારાષ્ટ્ર).

સ્ટેટસ: ટ્રાયલ અંતિમ તબક્કામાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંડિયાએ કોરોના વેક્સિન કોવિશીલ્ડના પ્રોડક્શ માટે બ્રિટનની કંપની એસ્ટ્રોજેનકા અને ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે ભાગીદારી કરી છે. SII દુનિયામાં સૌથી વધુ વેક્સિન બને છે. એક્સપર્ટ્સ અને સરકારી અધિકારીઓનું માનવું છે કે ભારતમાં સૌથી પહેલા આ જ વેક્સિન મળશે. કોવિશીલ્ડના અંતિમ તબક્કાની ટ્રાયલ બે પ્રકારે કરવામાં આવી છે. પહેલામાં ૧૨ % અસરકારક જોવા મળી, જ્યારે બીજામાં ૦૦ % થી વધુ. સરેરાશ જોવામાં આવે તો ઈફેક્ટિવનેસ ૭૦ % ની આસપાસ રહી છે.

પુણેમાં સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (SII) ના પ્લાન્ટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી.. સરેરાશ જોવામાં આવે તો ઈફેક્ટિવનેસ ૭૦ % ની આસપાસ રહી છે .

SIIના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સુરેશ જાધવે હાલમાં જ દાવો કર્યો હતો કે અમે વેક્સિન બનાવવાનું શરૂ કરી દીધું છે. જાન્યુઆરીથી અમે દર મહિને ૫-૬ કરોડ વેક્સિન બનાવવા લાગીશું. જાન્યુઆરી સુધી અમારી પાસે ૮ થી ૧૦ કરોડ ડોઝનો સ્ટોક તૈયાર હશે. સરકાર પાસેથી મંજૂરી મળશે તો અમે સપ્લાઈ શરૂ કરી દેશું.



ઝાયડસ બાયોટેક કરાર વિકસાવાઈ રહેલી covid-19 રસીના નિર્માણકાર્યની સમીક્ષા, નિરીક્ષણ માટે ગુજરાતની મુલાકાતે આવેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતુ.

પુષ્પઅંજલી... સ્વ.ચંદુભાઈ ભીમજીભાઈ લીંબાણી (ઘડાણી)



ઊંમરવર્ષ: ૬૮

હાલે તીરૂવનામલૈ (તામિલનાડુ)

તા. ૨૫/૧૧/૨૦ના રાત્રે ૧૧.૦૦ કલાકે

પ્રભુ ને પ્યારા થયા છે. સરળ પ્રકૃતિમય જીવન જ જેમનો આદર્શ રહ્યો છે. કર્મ એજ કર્તવ્ય સાથે પરિવાર ના આધાર સ્હ આદર્શ બની ને રહેવું એજ એમનો અભિગમ..

તેઓના જીવાત્માને પરમાત્મા સદૈવ પોતાના શરણમાં સ્થિર-સ્થીર અર્પે તેમજ કુટુંબ પર આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના...

લી -- ભીમજીભાઈ ગોપાલભાઈ લીંબાણી પરિવાર , ઘડાણી કચ્છ

હાલે- તીરૂવનામલૈ, બેંગલુરુ...

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ...

સ્નેહાજલી.. સવિતા વલ્લભ મેયાત, અંકલેશ્વર..

અનિલ વીજ મિનિસ્ટર હરિયાણા

કોરોના સામે જંગમાં ભારત બાયોટેકની કોવેક્સીનનું આજથી ત્રીજું ટ્રાયલ શરૂ થઈ ગયું છે. હરિયાણાના મંત્રી અનિલ વિજ પણ તે વોલન્ટિયરમાં સામેલ છે, જેમના પર આ વેક્સીનનું ટ્રાયલ થઈ રહ્યું છે. અનિલ વિજે કહ્યું હતું કે, ત્રીજા શ્રેણ્મા લગભગ ૨૬,૦૦૦ લોકો પર ટ્રાયલ કરવામાં આવશે. મેં પણ આ માટે મારું નામ આપ્યું છે. Covaxin ના ત્રીજા ચરણનું ટ્રાયલ હરિયાણામા રોહતકમાં શુકવારે થઈ ગયું છે. મંત્રી અનિલ વિજે પહેલી સ્ત્રી લગાવ્યાવી છે. દેશમાં કુલ ૨૫ હજાર ૦૦૦ લોકો પર વેક્સીનનું ટ્રાયલ થવાનું છે. પીજીઆઈ રોહતકના વાઈસ ચાન્સેલરે કહ્યું હતું કે, કોવેક્સીનના ત્રીજા ચરણનું ટ્રાયલ શુકવારથી શરૂ થઈ ગયું. પહેલા ૨૦૦ વોલન્ટિયર્સને ડોઝ આપવામાં આવી રહ્યો છે. દરદીઓ માટે રાજ્યો રેમેડિસિવિરના પુરવઠાનું નિયમન કરે છે.





તિરુમાળા તિરુપતિ બાલાજી મંદિર માં અતિ વરસાદ અને હાઈ વે પરથી પણ પાણી ખૂબ ગતિ માં વહી ગયા

સંઘટન વર્ષ ૨૦૨૧ માટે VUF વેબીનાર

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ના વિકાસ અને વ્યવસ્થા માટે દક્ષિણ ગુજરાત ના જિલ્લાઓ સાથે વેબીનાર કોંફરન્સ આજ ૨૮ ના રાત્રે આયોજન થયું..

પ્રમુખ શ્રી સાર.પી.પટેલ ના નેતૃત્વ નીચે ની સંઘટન ની વેબીનાર માં ડી.એન.ગોલ સાહેબ દ્વારા સમગ્ર ગતિવિધિ ની જાણકારી આપવામાં આવી.

સુરત ભરૂચ વલસાડ નવસારી જિલ્લા ના સંઘટન ના હોદેદાર ની નિમણુંક અને કાર્ય સોંપણી બાબતે ચેરમન હરેશભાઈ મોડેદરા દામોદરભાઈ ભાવાણી, ધારાસભ્ય વિવેકભાઈ અને સેક્રેટરી સુરેશભાઈ પટેલ સાથે પરામર્શ કરવામાં આવેલ..

મહિલા સંઘટન ના રૂપલબેન પટેલ દ્વારા મહિલા વિંગ ના માળખા ને માં ઉમિયા ના સમાજ છત્ર ને મજબૂત કરવા જુદા જુદા વિસ્તારમાં ઝોન અને વોર્ડ માળખું ઉભું કરવા અને તેવા જુદા જુદા વિસ્તાર ના મહિલા લીડર ની નિમણુંક અને હવે કાર્ય સોંપણી કરવા ની ચર્ચા આ વેબીનાર માં કરવા આવી..

આદરણીય વડીલ માજી મિનિસ્ટર અને માં ઉમિયામાતા નું મંદિર સુરત માં નિર્માણ કરવામાં જેમનો સિંહ ફાળો એવા વડીલ નરોત્તમ પટેલ ના સહુએ આશીર્વાદ મેળવ્યા અને ઉમિયા ધામ સુરત માં VUF માટે ની ઓફીસ માટે જે જગ્યા આપવામાં આવી તે પબ્લકલી સંગઠન ની ઓફીસ પૂર્ણ સ્વરૂપે ૩૧ ડિસેમ્બરે ત્યાર કરવા ની નિગરાની રાખવા અનુરોધ કર્યો અને ચેરમને હરેશભાઈ દ્વારા આવતી કાલે જ આર્કિટેક્ટ સાથે મિટિંગ લેવામાં આવશે અને ઉનરાયણ પછી ઓફીસ નું ઉદ્ઘાટન કારવામાં આવશે ની બાંહેધરી આપવામાં આવી..

બારડોલી ભરૂચ નવસારી વાપી વલસાડ જિલ્લા ના ઉમિયા પરિવાર ના સંતાન આજ વેબીનાર માં ઉપસ્થિત માં ઉમિયા ના પરિવાર ના યુવા લીડર્સ દ્વારા વોટ્સએપ ગ્રુપ બનાવી ને આ કોરના સામે પણ હવે કામ માં ઢીલાશ નહીં ના અભિગમ સાથે સક્રિયતા દાખવી સહુ ને જીવવા અને તેઓ ને માહિતી થી વાકેફ કરવા ના સજાગ થવા ને પરિણામ મેળવવા એકસન માં આવી જવા અનુરોધ કરવામાં આવ્યો..

માં ઉમિયા છત્ર એક એવી યોજના જેમાં દરેક નું અનુદાન અને જ્યાં આફત ત્યાં સહાય તેવી યોજના ની માહિતી જ્યંતિ ભાઈ લાઠવાળા પ્રોજેક્ટ ચેરમેન દ્વારા આપવામાં આવી.. જેમાં એક વખત ૩૧૦૦૦ ની રકમ જમા કરાવી ને અનેક ના ઘરે ૧૦ લાખ ની સહાય સતત આપવા નો કોન્સેપ્ટ સમજાવ્યો.. આખી રકમ કોઈ એક સાથે ના ભરે તે દર વર્ષે ૧૫૦૦ થી ૨૦૦૦ ની રકમ જમા કરાવે અથવા ૩૧૦૦૦ ને ૭ ભાગમાં જમા કરાવે તો પણ આ યોજના ના સહયોગી અને લાભાર્થી બની શકશે.

એમ કહેવાય કે મા ઉમા નો પરિવાર હવે સંપૂર્ણ સુરક્ષિત આર્થિક અકકામતણ થી બનશે.. ૧૮ થી ૫૫ વર્ષ ના સ્ત્રી કે પુરુસ એક ઘર પરિવાર નું અર્થ વ્યવસ્થા નું પૂરક હોય છે. આ ઉમરે જે કોઈ વ્યક્તિને જે તે કારણસર અવસાન થાય તો જો તેઓ અહી સભ્ય બનશે તો એમના અવસાન બાદ ૧૦ લાખ ની રકમ માં ઉમિયા છત્ર દ્વારા એમના ઘરે પહોંચી જશે ..

એટલે કે દુઃખદ ઘટના વખતે માં ઉમિયા છત્ર એક ઉજ્જસ સાથે સ્મિત નો ચેક આપવા ની ફરજ અદા કરશે...

આ એક ની વધુ વિગત વેબ સાઈટ પર ઉપલબ્ધ છે. આપ કોઈ ને પણ આ યોજના ના સભ્ય બનાવી શકો છો..

જ્યંતીભાઈ ની પ્રસ્તુતિ બાદ આરપી પટેલ ચેરમન VUF દ્વારા એક લાખ લોકો ને આ ઉમા છત્ર માં ૨૦૨૧ માં જોડી ને સંઘટન નું એક મહાન કાર્ય કરી ને કોઈની અંધકાર માં રોશની આપવાનો પ્રયાસ કરવા મક્કમ નિર્ધાર સાથે ક્તેહ કરવા વિનતી કરી..

વેબીનાર માં ખાસ કહેવામાં આવ્યુ કે જે કોઈ ઘટક સમાજ સાથે સંકળાયેલ હોય તેઓ જો બેદરકાર બને ને ના કરે નારાયણ ને ઘટના બની ને તેના ઘરે YSK નહીં પહોંચે તેની જવાબદારી એવા જણકારી રાખવાની રહેશે...

માં ઉમિયાનું વૈશ્વિક મંદિર નિર્માણ કાર્ય પ્રારંભ કરવામાં આવેલ છે . જેની માહિતી આપવામાં આવી..

સુરત ના દામોદર ભાઈ એક કરોડ ના પ્લેટિનમ VUF ના છે.. જેમણે સુરત અને અમદાવાદ વિકાસ માટે સતત મોટી હરીફાઈ કરે તેવો અભિગમ સાથે આગામી. નવરાત્રી માં પુરા કાર્ય સંઘટન ના કરી દેવામાં આવશે એવા મક્કમ વલ સાથે દક્ષિણ ગુજરાત ના યુવા કાર્યકર ને ખાસ પ્રોત્સાહિત કર્યા અને VUF ફાઉન્ડેશન ના સહકન ને પૂર્ણ ગતિશીલ માતાજના સેવક બની કરવા સહુ વતી બાંહેધરી આપી..

આરપી પટેલ ચેરમેન દ્વારા સહુ ને માહિતી આપી કે આગામી આ બે મહિના માં આવી વેબીનાર દ્વારા સમગ્ર વિભાગ વિસ્તાર ને દેશ દેશાવર ના વ્યક્તિઓ ને જોડી આ કોરોના ને સાથે રાખી કોઈ પણ ઢીલાશ ના રાખી ને VUF નું કાર્ય આદર્શ બનાવવા સહુ તૈયાર રહો ના ભાવ સાથે આજ ની વેબીનાર સહુ ના આભાર વ્યકત કરી પરપૂર્ણ જાહેર કરવામાં આવેલ..

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...

"મારે જીવનમાં હારવું નથી, જીતવું છે...."

વિનોદ ભાવાણી (નરોડા -અમદાવાદ) મો: ૯૫૦૪૬૪૭૦૫૮

કોરોના મહામારી ના આ કાળ માં જીવનપદ્ધતિ જ બદલાઈ ગઈ. વહેતા પાણી આગળ અવરોધ આવે તો પાણી વહેવાનું ભુલતું નથી કોઈને કોઈ નવો માર્ગ શોધીજ લે છે. પાણી નો આ ગુણધર્મ છે. તેવીજ રીતે સાચો ને કર્મશીલ માણસ ગમે તેવા વિપરીત સમય માં પણ બે હાથ જોડીને બેસી રહેતો નથી કે નવી રોકડાં રૂતો તે તેનો વિકલ્પ શોધી જ લે છે. આ કોરોના કાળ નો ગણ લોકોએ યોગ્ય અને સાચો ઉપયોગ કર્યો અને કંઈક નવીન કામ પંથા શોધી લીધા અથવા કામ ની પદ્ધતિમાં યોગ્ય બદલાવ પણ લાવ્યા છે જ્યારે કેટલાક એમને એમ હાથ બાંધી ને બેઠા હોય તેવા પણ છે...

આ વિપરીત સમય માં વિદ્યાર્થી મિત્રો તેની શક્તિનો સાચો ઉપયોગ કરે તે ખૂબ જરૂરી છે. વધુ પડતી છુટ્ટી કે અવકાશ માં કંઈ નવું શીખે, વાંચન કરે અને સમયનો કાયદો લે તો ભવિષ્યમાં તેને આ વળતર જરૂર મળે...

જો આપણે જીવનમાં હમેશા જીતવુંજ છે અને ક્યારેય હારવું જ નથી તો ગમે તેવા વિપરીત કાળ , સમય, સંજોગ ઉભા થાય પણ મન ને હારવા કે મરવા ના દેતા. મન માં હારવાનો વિચાર સુદ્ધા ના આવવો જોઈએ. આપણી પાસે જીતવા માટે ના કે સફળ થવા માટે જરૂરી પૈસા, સગવડ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર બધુજ પુરતું હશે પણ આપણું મન હારતું કે મરેલું હશે તો આપણે ક્યારેય નહીં જીતી શકીએ. પરંતુ આપણી પાસે કંઈજ સગવડ કે પૈસો નહીં હોય પણ આપણું મન મજબૂત હશે તો આપણે અવશ્ય જીતી શકિસુ. આ મન ની તાકાત છે !!

આપણા મન ની કેળવણી અને ઘડતર શિવાજી મહારાજ જેવું ઘડું જોઈએ, તેમના જીવન નો એક પ્રસંગ જણાવા જેવો છે.

શિવાજી બાળ ઉંમરના હતા ત્યારનો પ્રસંગ છે. શિવાજી તેમના બાળ મિત્રો સાથે કિલ્લાના પટાંગણ માં રમત રમી રહ્યા હતા. ત્રીજા માળ ના ઝરૂખા માંથી માતા જીજાબાઈ શિવાજી સહ બાળકોની રમત નિહાળી રહ્યા હતા. કાયમ શિવાજી તેમના બાળમિત્રો સાથેની રમત માં જીતતા જ હતા પણ આજે શિવાજીને વિચાર આવ્યો કે ચાલોને આજે મારા બીજા કોઈક મિત્ર ને જીતવા દે છે... ઝરૂખામાંથી જીજાબાઈએ આ બધું જોયું. માતા જીજાબાઈ તરતજ પોતાના પુત્ર શિવાજીને ઉપર મહેલ માં બોલાવે છે અને બાળ શિવાજીના કાન પકડીને ગાલ ઉપર બે ત્રણ થપ્પડ મારી દે છે. શિવાજી અવાક બની ને સ્તબ્ધ થઈ ગયા... કે માતાજીએ આવું કેમ કર્યું તે સમજ ન શકયા. ભલાઈ કરી, સારું વિચાર્યું તો પણ આવી સજા???

માતા જીજાબાઈ કહે છે....'હે શિવાજી તારે જીતી જોઈને તો નહીજ પણ ભુલથીય કોઈ રમત હારવાની નથી ." માતા જીજાબાઈ સમજાવે છે કે એકવાર પણ મન માં હારવાનો વિચાર આવીને બેઠો તો ભવિષ્યમાં તને ગમે ત્યારે હરાવી શકે છે. તારા મન મગજ માં હારવાનો વિચાર શુદ્ધા ના આવવો જોઈએ તારે તો જિંદગીમાં દરેક જંગ જીતવાના છે !! આવું હતું માતા જીજાબાઈનું ઘડતર !! એટલેજ શિવાજી મહારાજ ઈતિહાસનું એક મહાન ચરિત્ર થઈ ગયા.

એટલેજ મિત્રો આપણે વિદ્યાર્થી હોઈએ , નાની ઉંમરના હોઈએ ત્યારથીજ મન, મગજ ને આ રીતે કેળવવું જોઈએ. મનમા ક્યારેય નકારાત્મક વિચાર ને સ્થાન ના આપવું જોઈએ... વાત નાની છે પણ પરિણામ મોટું હોય છે... મન માં હમેશા જીતવાનો જ વિચાર લાવીએ તો જરૂર સફળ થઈ શકિસુ....

રાયપુર સામાજ નું ગૌરવ

Dr. Shikha Patel (Samani)

M. B. B. S. FINAL RESULT. PASS.
COLLEGE TOP TEN
Arvind Premji Samani, Smt. Kiran Arvind samani,
Raipur (C.G.) VITHON (Kutch)
HARIHAR SAW MILL, R. R. NO. 2
UMIYA MARKET,
BIRGAOUN RAIPUR (C.G.)
9630008882, 786032 family i.d.

ડો શિખા સામાની ની રિહિ ને ખિરદાવીએ છે.

પ્રચાર પ્રસાર ટીમ. શ્રી સમાજ..

કચ્છ ના વાવડ

કચ્છમાં ઠંડીનું પ્રમાણ વધ્યું

નલિયાનું તાપમાન આજે ૧૦.૬ ડિગ્રી નોંધાયું

પાટનગર ભુજ નું લઘુતમ તાપમાન આજે ૧૪.૪ ઉપર પહોંચ્યું

કંડલાના પારો આજે ૧૫.૬ ઉપર પહલ્યો

કચ્છ જિલ્લામાં આજે કોરોનાના નવા ૧૬ કેસ સામે આવ્યા

ગુજરાતમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૫૯૮ કેસ નોંધાયા

સતત પાંચમા દિવસે નોંધાયા ૧૫૦૦થી વધુ કેસ

અમદાવાદમાં ૧૦ મોત સાથે કુલ ૧૫૧ મોત

રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૦૬,૭૧૪ પહોંચ્યો જ્યારે મૃતાંક ૩૮૫૩

અવસાન નોંધ

તારીખ: ૨૭/૧૧/૨૦

સ્વ. લક્ષ્મીબેન ખીમજી રૈયાણી, ઉમર : ૮૭ વર્ષ, કચ્છ : નખત્રાણા

સ્વ. જેઠાભાઈ નાનજી પરવડિયા, ઉમર : ૭૯ વર્ષ, કચ્છ : વરાવડા, હાલે : નખત્રાણા.

તારીખ: ૨૮/૧૧/૨૦

સ્વ. લાલજીભાઈ લધાભાઈ માકણી, ઉમર : ૫૮ વર્ષ, કચ્છ : નેત્રા, હાલે : બ્રહ્મપુરી.